# ખેડૂત ઉપયોગી સંશોધન ભલામણો–૨૦૦૮

## (૧) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ / ભલામણ કરવામાં આવેલ વિવિધ પાકોની સુધારેલી / સંકર જાતોની માહિતી

### ૧.૧ જી.જે.જી.–એચ.પી.એસ.–૧

વેલડી પ્રકારની આ જાત જે એસ.પી.–૨૧ અને વી.જી.–૫ વચ્ચેના સંકરણ દ્વારા તૈયાર કરી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ચોમાસુ મગફળી ઉગાડતા વિસ્તાર માટે બહાર પાડવામાં આવેલ છે. આ જાતના ડોડવાનું ઉત્પાદન ૩૮.૦૬ ટકા, ૩૬.૭૫ ટકા અને ૨૮.૩૩ ટકા અનુક્રમે બીએયુ–૧૩, આઈસીજીવી–૮૬૫૬૪ અને એમ–૩૩૫ ચેક જાતો કરતા વધુ હતુ. બહાર પાડેલ જાતનું દીવસ દિઠ તેલ ઉત્પાદન પણ સારૂ હતુ. આ જાતના નિકાસલક્ષી લક્ષણો જેવા કે તેલના ટકા, વધુ પ્રોટીન અને વધુ ખાંડનું પ્રમાણ ધરાવે છે.

સંશોધન વૈજ્ઞાનિકશ્રી,(તેલીબિયાં),મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ.,જૂનાગઢ)

### ૧.૨ ગુજરાત હાઈબ્રીડ બાજરા–૭૧૯ ( જી.એચ.બી.–૭૧૯)

બાજરાની આ સંકર જાત માદા આઈ.સી.એમ.એ.–૯૫૨૨૨ અને નર જે–૨૪૫૪ ના સંકરણ દ્વારા મુખ્ય બાજરા સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર ખાતે તૈયાર કરવામાં આવેલ છે. આ જાત ટૂંકા ગાળામાં (૭૦ થી ૭૫ દિવસમાં ) પાકતી, દુષ્કાળની પરિસ્થિતી સામે ખૂબ જ સહનશીલતા ધરાવતી, કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, મધ્યમ લાંબુ, મુચ્છોવાળું ડૂંડુ ધરાવતી તથા મધ્યમ કદના તેમજ આકર્ષક રંગના દાણા ધરાવતી આ જાતે સને ૨૦૦૮ ના વર્ષમાં બાજરાની વહેલી પાકતી સંકર જાત તરીકે ભલામણ કરવામાં આવેલ છે. આ જાતે બાજરાની વહેલી પાકતી કન્ટ્રોલ સંકર જાતો જી.એચ.બી.–૫૩૮ અને એમ.એચ.–૧૬૯ કરતા અનુક્રમે ૧૦ ટકા અને ૭૭ ટકા દાણાનું ઉત્પાદન તથા ૭ ટકા અને ૧૯ ટકા સૂકા ચારાનું વધુ ઉત્પાદન આપેલ છે. દુષ્કાળની પરિસ્થિતી અને ઓછા વરસાદવાળા વિસ્તારમાં ખાસ અનુકૂળતા ધરાવે છે. આ જાત ડૂંડા પર મુચ્છો ધરાવતી હોય ને પક્ષીઓથી નુકસાન ખૂબ જ ઓછું થાય છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૬ દરમ્યાન રાષ્ટ્રિય કક્ષાએ આ જાતે વહેલી પાકતી કન્ટ્રોલ જાતો જી.એચ.બી.–૫૩૮ અને જી.એચ.બી.–૬૭ કરતા અનુક્રમે ૧૦ ટકા અને ૧૭ ટકા દાણાનું વધુ ઉત્પાદન આપેલ છે. તેથી જી.એચ.બી.–૭૧૯ ની અખિલ ભારતિય કક્ષાએથી પણ ઓછા વરસાદવાળા વિસ્તારના રાજયો ( રાજસ્થાન, હરિયાણા, ગુજરાત) માં ખરીફ ઋતુના વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે.

(સંશોધન વૈજ્ઞાનિક (બાજરા), મુખ્ય બાજરા સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર)

### ૧.૩ ગુજરાત હાઈબ્રીડ બાજરા–૭૪૪ (જી.એચ.બી.–૭૪૪)

બાજરાની મધ્યમ સમયમાં (૭૫ થી ૮૦ દિવસમાં) પાકતી આ નવી સંકર જાત માદા આઈ.સી.એમ.એ.–૯૮૪૪૪ અને નર જે–૨૩૪૦ ના સંકરણ દ્વારા મુખ્ય બાજરા સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર ખાતે તૈયાર કરવામાં આવેલ છે. કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, મધ્યમ વહેલી પાકતી, સખત અને મધ્યમ કદના ડૂંડા ધરાવતી તથા આકર્ષક રંગના મોટા કદના દાણા ધરાવતી આ સંકર જાત વર્ષ ૨૦૦૮ માં સમગ્ર ગુજરાતમાં બાજરાનું વાવેતર કરતા વિસ્તારમાં ખરીફ ઋતુમાં મધ્યમ વહેલી પાકતી જાત તરીકે વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. બાજરાની આ નવી સંકર જાતે રાજયમાં ભલામણ થયેલ મધ્યમ વહેલી પાકતી કન્ટ્રોલ સંકર જાતો જી.એચ.બી.–૫૭૭ અને એમ.એચ.–૧૬૯ કરતા અનુક્રમે ૧૯.૩ ટકા અને ૫૧.૪ ટકા દાણાનું વધુ ઉત્પાદન આપેલ છે. આ ઉપરાંત બાજરાની આ

નવી સંકર જાતે અખિલ ભારતિય કક્ષાના અખતરાઓમાં પણ રાષ્ટ્રીય કક્ષાની મધ્યમ પાકતી કન્ટ્રોલ જાતો આઈસીએમએચ–૩૫૬ તથા એમ.એચ.–૧૬૯ કરતાં અનુક્રમે ૯ ટકા તથા ૨૦ ટકા દાણાનું વધુ ઉત્પાદન આપેલ છે. તેથી વર્ષ ૨૦૦૭ માં આ જાતે અખિલ ભારતિય કક્ષાએથી ઉત્તર–મધ્ય ભારતના બાજરાનું વાવેતર કરતા રાજયો જેવા કે રાજસ્થાન, હરિયાણા, ગુજરાત, ઉત્તરપ્રદેશ, મધ્ય પ્રદેશ, દિલ્હી અને પંજાબમાં ખરીફ ઋતુમાં મધ્યમ સમયમાં પાકતી જાત તરીકે વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે.
(સંશોધન વૈજ્ઞાનિક (બાજરા), મુખ્ય બાજરા સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર)

## ૧.૪ : ગુજરાત હાયબ્રીડ બાજરા–૭૩૨ (જી.એચ.બી.–૭૩૨)

બાજરાની મોડી (૮૦ થી ૮૫ દિવસમાં ) પાકતી આ નવી સંકર જાત માદા આઈસીએમએ –૯૬૨૨૨ × નર જે –૨૩૪૦ ના સંકરણ દ્વારા મુખ્ય બાજરા સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર ખાતે તૈયાર કરવામાં આવેલ છે. કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, મધ્યમ મોડી પાકતી, સખત અને મધ્યમ જાડા કદના ડૂંડા ધરાવતી તથા આકર્ષક રંગના મોટા કદના દાણા ધરાવતી આ સંકર જાત વર્ષ ૨૦૦૮ માં સમગ્ર ગુજરાતમાં બાજરાનું વાવેતર કરતા વિસ્તારમાં ખરીફ ઋતુમાં મધ્યમ મોડી પાકતી જાત તરીકે વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. બાજરાની આ નવી સંકર જાતે રાજયમાં ભલામણ થયેલ મધ્યમ મોડી પાકતી કન્ટ્રોલ સંકર જાત જી.એચ.બી.–૫૫૮ કરતા ૧૧ ટકા દાણાનું વધુ ઉત્પાદન આપેલ છે. આ જાત સ્વાદીષ્ટ રોટલો અને ઉતમ સૂકોચારો ધરાવે છે. આ ઉપરાંત બાજરાની આ નવી સંકર જાતે અખિલ ભારતિય કક્ષાના અખતરાઓમાં પણ રાષ્ટ્રિય કક્ષાની મધ્યમ મોડી કન્ટ્રોલ જાતો જી.એચ.બી.–૫૫૮ તથા પ્રાઈવેટ સંકર જાત પી.બી.–૧૦૬ કરતાં અનુક્રમે ૧૦ ટકા તથા ૮ ટકા દાણાનું ઉત્પાદન વધુ આપેલ છે. તેથી આ જાતને વર્ષ ૨૦૦૭ માં અખિલ ભારતિય કક્ષાએથી ઉત્તર–મધ્ય ભારતના બાજરાનું વાવેતર કરતા રાજયો જેવા કે રાજસ્થાન, હરિયાણા, ગુજરાત, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, દિલ્હી અને પંજાબમાં ખરીફ ઋતુમાં મધ્યમ સમયમાં પાકતી જાત તરીકે વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે.
(સંશોધન વૈજ્ઞાનિક (બાજરા), મુખ્ય બાજરા સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર)

## ૧.૫ ગુજરાત ચણા–૩

આ જાત ફકત વલ્લભીપુર અને તેની આજુબાજુના વરસાદ આધારિત વિસ્તાર માટે રીલીઝ કરવામાં આવેલ. આ જાતે ૧૨.૧૮, ૯.૮૫ અને ૮.૫૬ ટકા અનુક્રમે ચાફા, ગુજરાત ચણા–૧ અને ગુજરાત ચણા–૨ કરતાં વધુ ઉત્પાદન આપેલ છે. આ જાત સુકારા અને સ્ટન્ટ સામે પ્રતિકારકશકિત ધરાવે છે. દાણાનો આકર્ષક કલર (પીળો), મોટા દાણા, વહેલી પાકતી અને ગ્રાહક તથા ખેડૂતોને પસંદ પડતી જાત છે. આ જાત હેકટરે ૧૪૮૩ કિલો ઉત્પાદન આપવાની ક્ષમતા ધરાવે છે.
(સંશોધન વૈજ્ઞાનિકશ્રી,(ચણા), કઠોળ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

## ૧.૬ જૂનાગઢ ટમેટા –૩

સૌરાષ્ટ્ર વિસ્તારમાં મોડી ખરીફ / રવિ ઋતુમાં ટમેટાનું વાવેતર કરતા ખેડૂતોને જૂનાગઢ ટમેટા–૩ નામની જાતનું વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે. આ જાતનું સરેરાશ ઉત્પાદન ૩૮૪.૬૦ કવિન્ટલ / હેકટર નોંધાયેલ છે. જે ગુજરાત ટમેટા–૨ જાત કરતાં ૨૨.૫૨ ટકા વધારે માલુમ પડેલ છે. આ જાતનાં ફળો મધ્યમ કદનાં, ચપટા ગોળ, ૪ થી ૫ ખાનાવાળા, જાડી છાલનાં તથા આકર્ષક લાલ રંગનાં થાય છે. આ જાતમાં કુલ દ્રાવ્ય ઘનપદાર્થોનું પ્રમાણ પણ વધારે છે.
(સંશોધન વૈજ્ઞાનિકશ્રી,(લસણ–ડુંગળી), શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

## (૨) ધાન્ય પાકો

## ૨.૧ બાજરી

### (ક) ઉનાળુ બાજરીમાં નીંદણ નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત હવામાન વિભાગના ઉનાળુ ઋતુમાં બાજરી વાવતા ખેડૂતોને પાકના વાવેતર બાદ ૨૦.૪૦ અને ૬૦ દિવસે હાથ નીંદામણ અને આંતરખેડ કરી નીંદણમુકત રાખવાની સલાહ આપવામાં આવે છે. જો મજુરોની અછત હોય તો એટ્રાજીન ૦.૫ કિ.ગ્રા./ હે (એટ્રાસીલ ૫૦ ટકા વે.પા. ૧.૦ કિ.ગ્રા./ હે.) દવાને ૫૦૦ લિટર પાણીમાં ઓગાળી પાકના વાવેતર બાદ પરંતુ પાક અને નીંદણ ઉગે તે પહેલાં છંટકાવ કરવો અને સાથે વાવેતર બાદ ૪૦ દિવસે હાથ નીંદામણ અને આંતરખેડ કરવી.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### (ખ) બાજરા (ચોમાસું)– ઘઉં (શિયાળુ) પાક પધ્ધતિમાં રાસાયણિક ખાતર

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં બાજરા–ઘઉં પાક પધ્ધતિ અપનાવતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે બન્ને પાકને જમીન ચકાસણી પ્રમાણે રાસાયણિક ખાતર આપવાની સલાહ આપવામાં આવે છે.સેન્દ્રીય સ્ત્રોતો દ્વારા પોષક તત્વો આપવા આર્થિક રીતે પરવડતા નથી.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ અને પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણશાસ્ત્ર અને જમીન વિજ્ઞાન વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### (ગ) બાજરી–મગફળી પાક પધ્ધતિમાં રાસાયણિક ખાતર

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં વરસાદ આધારિત બાજરી–મગફળી પાક પધ્ધતી અપનાવતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે સતત એક જ પાકનું વાવેતર ન કરવા જણાવવામાં આવે છે અને ફકત બાજરીના પાકને હેકટરે ૮૦ કિલોગ્રામ નાઈટ્રોજન રાસાયણિક ખાતર દ્વારા આપવાની ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક (જમીન વિજ્ઞાન), સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., તરઘડીયા)

### (ઘ) ચોમાસુ બાજરીમાં ઝીંક સલ્ફેટનો ઉપયોગ

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ઝીંકની અછતવાળી જમીનમાં ચોમાસું ઋતુમાં સંકર બાજરી (જીએચબી–૫૫૮) ઉગાડતા ખેડૂતોને દાણાનું વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા વાવેતર વખતે હેકટરે ૨૦ કિલોગ્રામ ઝીંક સલ્ફેટ આપવાની અને ફૂલ આવ્યા પહેલાં ૦.૨ ટકા ઝીંક સલ્ફેટનો છંટકાવ કરવાની સલાહ આપવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક (કૃષિ વિજ્ઞાન), મુખ્ય બાજરી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર)

### (ચ) બાજરીનું બે જોડીયા હારમાં વાવેતર

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ચોમાસુ સંકર બાજરી (જીએચબી–૫૫૮) ઉગાડતા ખેડૂતોને વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા ૩૦ × ૬૦ સે.મી.ના અંતરે બે જોડીયા હારમાં વાવેતર કરવાની સલાહ આપવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક (કૃષિ વિજ્ઞાન), મુખ્ય બાજરી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જામનગર)

**૨.૨ ઘઉ**

**(ક) ઘઉ પાકને પિયત**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતો કે જેઓ પિયત ઘઉનું વાવેતર કરે છે. તેઓને ભલામણ કરવામાં આવે છે કે વધારેમાં વધારે ઉત્પાદન તથા ચોખ્ખો નફો મેળવવા માટે ઘઉની જી.ડબલ્યુ–૩૨૨ જાત વાવેતર માટે પસંદ કરવી અને સાત પિયત જેવા કે વાવણી સમયે, મુકુટ મૂળ અવસ્થાએ, ફૂટ અવસ્થાએ, ગાભ અવસ્થાએ, ફૂલ અવસ્થાએ, દૂધિયા દાણા અને પોક અવસ્થાએ આપવા. પિયતની સગવડતા ઓછી હોય ત્યારે છ પિયત ગાભે આવવાની અવસ્થા સિવાયની કટોકટીની અવસ્થાએ આપવાની ભલામણ કરવામાં આવે છે.

(સહ સંશોધન વૈજ્ઞાનિક (ઘઉ), ઘઉ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

## (૩) તેલીબિયાં પાકો

**૩.૧ મગફળી**

**(ક) મગફળી (ચોમાસુ) – ઘઉ (શિયાળુ)પાક પધ્ધતિ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં મગફળી–ઘઉ પાક પધ્ધતિ અપનાવતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે બન્ને પાકને જમીન ચકાસણી પ્રમાણે રાસાયણિક ખાતરો આપવાની સલાહ આપવામાં આવે છે. સેન્દ્રીય સ્ત્રોતો દ્વારા પોષક તત્વો આપવા આર્થિક રીતે પરવડતા નથી.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ અને પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણશાસ્ત્ર અને જમીન વિજ્ઞાન વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ખ) મગફળીમાં નીંદણનાશક દવાનો ઉપયોગ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેતહવામાન વિભાગમાં ખરીફ ઋતુમાં મગફળી વાવતા ખેડૂતો જયાં ભલામણ કરેલ પેન્ડીમેથાલીન દવાનો પ્રી–ઈમરજન્સી તરીકેનો છંટકાવ ન કરી શકયા હોય કે મજુરોની તંગી હોય ત્યાં મગફળીના પાકમાં એકદળી નીંદણના અસરકારક અને નફાકારક નિયંત્રણ માટે વાવેતર બાદ ૨૫ દિવસે કવીઝાલોફોપ–ઈથાઈલ ૩૦ ગ્રામ/હે. (ટરગા સુપર ૫ ટકા ઈ.સી.૮૦૦ મિલી/હે) નો ૫૦૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો અને સાથે પાકના વાવેતર બાદ ૪૫ દિવસે હાથ નીંદામણ અને આંતરખેડ કરવાની સલાહ આપવામાં આવે છે.

(પ્રાધ્યાપકશ્રી અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ,જૂકૃયુ,જૂનાગઢ)

**(ગ) મગફળી અને તુવેર આંતર પાક પધ્ધતિ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત હવામાન વિસ્તારના અર્ધ વેલડી મગફળી સાથે તુવેરનો આંતર પાક લેવા માંગતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ૪૦ સે.મી.ના અંતરે ચાસ નાખી બે હાર મગફળી જીજી–૨૦ અને એક હાર તુવેર (વૈશાલી) ની વાવવી. મગફળી ઉપાડી લીધા બાદ (ચાર પિયત દસ થી બાર દિવસના અંતરે) તુવેરના પાકને ( ૧.૦૦ આઈ ડબલ્યુ / સીપીઈ રેશીયા) પ્રમાણે પિયત આપવાથી વધારે ચોખ્ખી આવક મેળવી શકાય.

(સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ઘ) મગફળીના બીજને માવજત**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત હવામાન વિસ્તારના વરસાદ આધારીત મગફળી જીજી–૨૦ ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે બળદથી ચાલતા ઓટોમેટીક વાવણીયાથી ૬૦ × ૭.૫ સે.મી. અંતરે ૧૨૦ કિ.ગ્રા. / હેકટર બિયારણનો દર રાખી અને બિયારણને ત્રણ ગ્રામ મેન્કોઝેબ દવાનો પટ આપી વાવણી વખતે છાણીયા ખાતર સાથે ટ્રાયકોડર્મા વીરીડી પાવડર ૨.૫ કિ.ગ્રા. /હે. ભેળવી વાવવાથી વધારે ઉત્પાદન તથા ચોખ્ખુ વળતર મેળવી શકાય.

(સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ચ) મગફળી દિવેલા આંતર પાકને પિયત**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત હવામાન વિસ્તારના ઉભડી મગફળી : દિવેલા (૩:૧) આંતર પાક ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે મગફળી ઉપાડી લીધા બાદ દિવેલાના પાકને ૧.૦૦ આઈ / ડબલ્યુ સીપીઈ સેરસીયા પ્રમાણે (કુલ ચાર પિયત) આપવા જે પૈકી પ્રથમ પિયત ૨૦ દિવસે બાકીના વચ્ચે ૧૦ દિવસનું અંતર રાખી આપવાથી વધારે ચોખ્ખુ વળતર મેળવી શકાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(છ) મગફળી–ડુંગળી પાક પધ્ધતિ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારનાં મગફળી–ડુંગળી પધ્ધતિ અપનાવતા ખેડૂતોને વધુ નફો મેળવવા માટે બન્ને પાક માટે ભલામણ મુજબનો નાઈટ્રોજનનો જથ્થો છાણીયા ખાતર તરીકે આપવાની સલાહ આપવામાં આવે છે. છાણીયા ખાતરની અલભ્યતાની પરિસ્થિતિમાં બન્ને પાક માટે જમીન ચકાસણી પ્રમાણે રસાયણિક ખાતરો આપવાની સલાહ આપવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ અને પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણશાસ્ત્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(જ) મગફળીમાં ઘૈણનું નિયંત્રણ**

દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખરીફ મગફળીના પાકમાં ઘૈણ જીવાતના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. દવા ૨૫ મિ.લિ. / કિલો બીજની માવજત અથવા ફોરેટ ૧૦ કિલો દાણાદાર દવા ૨૫ કિલો / હેકટરે વાવણી પહેલા ચાસમાં આપવી અથવા કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી.દવા ૦.૧ ટકાનું દ્રાવણ (૧૦ લિટર પાણીમાં ૫૦ મિ.લિ. દવા) મગફળી ઉગ્યા બાદ ૧૫ દિવસે ચાસમાં રેડવું અથવા વાવણી પહેલા એરંડીનો ખોળ ચાસમાં પ્રતિ હેકટરે ૫૦૦ કિલો પ્રમાણે માવજત આપવાની ભલામણ કરવામાં આવે છે.

નોંધ : આગોતરૂ ચોમાસુ શરૂ થયા બાદ ત્રણ કે ચાર દિવસમાં ખેતરની ફરતે બાવળ, લીમડો અને બોરડીના ઝાડો પર કાર્બારીલ ૦.૨ ટકા નો છંટકાવ કરવો અને ખેતરમાં મગફળીના પાક પર મોનોક્રોટોફોસ ૦.૦૫ ટકા દ્રાવણનો છંટકાવ કરવો અને પ્રકાશપિંજર ગોઠવવા.

(પ્રાધ્યાપક અને વડા, કિટકશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

## ૩.૨ દિવેલા

**(ક) દિવેલામાં ઘોડીયા ઈયળનું નિયંત્રણ**

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં વરસાદ આધારીત દિવેલાની ખેતી કરતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે, ઘોડીયા ઈયળના નિયંત્રણ માટે જીવાતની ક્ષમ્ય માત્રાએ (૪ ઈયળ/છોડ)

ગ્રેન્યુલોસીસ વાયરસ ૩૦૦ એલ.ઈ./હેકટર મુજબ છંટકાવ કરવો. સાંજના સમયે છંટકાવ કરવો અને છંટકાવના ૧૦ લિટરના દ્રાવણમાં ૧૦ મિ.લિ."વેટીંગ એજન્ટ" અને ૧ ગ્રામ "યુ.વી.પ્રોટેકટન્ટ" (રાનીપાલ) ઉમેરવું.
(સંશોધન વૈજ્ઞાનિક (કિટક) મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ

**(ખ) દિવેલામાં વાયરવોર્મનું નિયંત્રણ**

દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં દિવેલાના પાકને શરૂઆતની અવસ્થાએ જમીનમાં રહીને છોડને થડની નજીકથી કાપીને નુકસાન કરતી જીવાત વાયરવોર્મના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે કાર્બોરીલ ૫૦ ટકા વે.પા.૫ ગ્રામ / કિલો બીજ અથવા કાર્બોસલ્ફાન ૨૭.૧૮ ડીએસ ૫ ગ્રામ / કિલો બીજ અથવા ઈમીડાકલોપ્રીડ ૭૦ ડબલ્યુ એસ ૫ ગ્રામ / કિલો બીજ પ્રમાણે બીજ માવજત આપવાની ભલામણ છે.
(સંશોધન વૈજ્ઞાનિક (કીટક) મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ગ) દિવેલામાં થ્રીપ્સનું નિયંત્રણ**

દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં દિવેલાના પાકમાં આવતી થ્રીપ્સ જીવાતના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે એસીફેટ ૦.૦૫ ટકા અથવા ડાયમિથોએટ ૦.૦૩ ટકા અથવા પ્રોફેનોફોસ ૪૦ ટકા સાયપરમેથ્રીન ૪ ટકા ૦.૦૪૪ ટકા પોલીટ્રીન ૪૪ ઈસી પ્રમાણે દવાનો છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે.
(સંશોધન વૈજ્ઞાનિક (કીટક), મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ઘ) દિવેલાના પાકને રાસાયણિક ખાતર**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત હવામાન વિસ્તારના પિયત દિવેલાનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ૭૫–૪૦–૦૦ ના–ફો–પો કિગ્રા / હે. રાસાયણિક ખાતર સાથે બે આંતર ખેડ, બે હાથ નીંદામણ અને ચૂસિયા પ્રકારની જીવાત અને ઘોડિયા ઈયળના નિયંત્રણ માટે જંતુનાશક દવાના બે છંટકાવ કરવાથી હેકટર દીઠ વધુ ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવી શકાય. ખેતી પધ્ધતિના જુદા જુદા પાસા પૈકી ખાતર ન આપવાથી વધુમાં વધુ ઉત્પાદન અને આવકમાં ઘટાડો થાય છે, ત્યાર પછીના ક્રમે નીંદામણ અને પાક સંરક્ષણ આવે છે.
(સંશોધન વૈજ્ઞાનિક (કૃષિ વિજ્ઞાન), મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**(ચ) દિવેલાના બીજને માવજત**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત હવામાન વિસ્તારમાં બિન પિયત (વરસાદ આધારીત) દિવેલાનું વાવેતર કરતા ખેડૂતોને વધારેમાં વધારે ઉત્પાદન અને આર્થિક વળતર મેળવવા માટે વાવણી લાયક વરસાદ થયે બીજને ૧ ટકા મીઠાના દ્રાવણમાં ત્રણ કલાક પલાળવાની માવજત આપી અને વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે.
(સંશોધન વૈજ્ઞાનિક (કૃષિ વિજ્ઞાન), મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

## ૩.૩ તલ

### (ક) તલમાં છાણીયા ખાતર, જૈવિક ખાતર અને રાસાયણિક ખાતરનો ઉપયોગ

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે તલના પાકને પ્રતિ હેકટરે ૫ ટન છાણીયા ખાતર સાથે ૨૫:૨૫ ના.ફો.રાસાયણિક ખાતર આપવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવી શકાય છે.

રાસાયણિક ખાતરનો વપરાશ ઘટાડવા ઈચ્છતા ખેડૂતોને હેકટરે ૫ ટન છાણિયુ ખાતર અને ૧૨.૫ : ૧૨.૫ કિલો ના.ફો.પ્રમાણે રાસાયણિક ખાતરની સાથે જૈવિક ખાતર પીએસએમ અને એઝેટો બેકટર બન્નેનો ૬૨૫ ગ્રામ પ્રતિ હેકટર પ્રમાણે બીયારણને પટ આપવાની ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક સુકી ખેતી સંશોધન કેન્દ્ર,તરઘડીયા અને મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક,સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ.,નાના કાંધાસર)

### (ખ) કાળા તલને રાસાયણિક ખાતર

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ચોમાસુ ઋતુમાં કાળા તલ (ગુ.તલ–૧૦) વાવતા ખેડૂતોને વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન, ૨૫ કિલોગ્રામ ફોસ્ફરસ વાવણી વખતે અને ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન ૩૦ દિવસ પછી પૂર્તિ ખાતર તરીકે અથવા હેકટરે ૧૦ ટન છાણિયુ ખાતર તેમજ હેકટરે ૫ કિલોગ્રામ એઝેટોબેકટર અને પી.એસ.બી. (ફોસ્ફેટ સોલ્યુબીલાઈઝીંગ બેકટેરીયા) જમીનમાં આપવાની ભલામણ કરવામાં આવે છે.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કૃષિ વિજ્ઞાન), કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી)

### (ગ) તલના પાકમાં રાસાયણિક ખાતર સાથે સુક્ષ્મ તત્વોનો ઉપયોગ

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિભાગમાં ચોમાસુ તલ ઉગાડતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે જસત અને લોહની ઉણપ ધરાવતી જમીનમાં હેકટરે ભલામણ કરવામાં આવેલ રાસાયણિક ખાતર (૫૦ : ૨૫ : ૦૦), ઉપરાંત હેકટરે ૨.૫ ટન છાણિયા ખાતર સાથે હેકટરે ૨૦ કિલોગ્રામ ઝીંક સલ્ફેટ અને ૨૫ કિલોગ્રામ ફેરસ સલ્ફેટ આપવાથી વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવી શકાય છે.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કૃષિ વિજ્ઞાન), કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી)

### (ઘ) તલના બીજને માવજત

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિભાગમાં તલ ઉગાડતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે સીડ સોકીંગ ટેકનીક (૮ કલાક બીજને પાણીમાં પલાળવા (૧:૧) અને પછી ૧૨ કલાક છાયામાં સુકવવા) અપનાવવાથી અને વાવેતર પછી ૧૫ દિવસે એક હાથ નીંદામણ અને જમીનમાં મલ્ચીંગ કરવાથી વધારે ઉત્પાદન અને વધારે ચોખ્ખી આવક મેળવી શકાય છે.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કૃષિ વિજ્ઞાન), કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી)

### (ચ) તલના પાકમાં સુક્ષ્મ તત્વોનો ઉપયોગ

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં લભ્ય લોહ અને જસતની ઉણપ ધરાવતી જમીનમાં ચોમાસુ ઋતુમાં તલનું વાવેતર કરતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે સુક્ષ્મ તત્વોનું મિશ્રણ (લોહ ૨ ટકા, મેંગેનીઝ ૦.૫ ટકા, જસત ૫ ટકા, તાંબુ ૦.૨ ટકા અને બોરોન ૦.૫ ટકા) કે જે ગવર્નમેન્ટ નોટીફાઈડ ગ્રેડ–૫ બરાબર છે. તેને ૨૦ કિલોગ્રામ / હેકટર મુજબ ચોમાસુ તલના પાકને આપવાથી વધારે ઉત્પાદન અને વધારે આવક મેળવી શકાય છે.

(મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કૃષિ વિજ્ઞાન), કૃષિ સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., અમરેલી

**(૪) કઠોળ પાકો**

**૪.૧ તુવેર**

**(ક) તુવેર–મગફળી રીલે પાક પધ્ધતિ**

આથી દક્ષિણ સૌરાષ્ટ્રની ચુનાયુકત મધ્યમ કાળી જમીનમાં તુવેર–મગફળી રીલે પાક પધ્ધતિ અપનાવતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે, તુવેર–મગફળીનું વધુ ઉત્પાદન અને ગુણવતા મેળવવા માટે વાવણી પહેલા તુવેર પાકમાં ભલામણ કરેલ રાસાયણિક ખાતર ઉપરાંત હેકટરે ૪૦ કિ.ગ્રા. સલ્ફર (વાવણી પહેલા એક માસે) અને ૫૦ કિ.ગ્રા. પોટાશ આપવાની ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણશાસ્ત્ર અને જમીન વિજ્ઞાન વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

**૪.૨ મગ**

**(ક)** ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે, મગના ભૂકીછારા રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે કોર્બન્ડાઝીમ ૦.૦૨૫ ટકા અથવા હેકઝાકોનાઝોલ ૦.૦૦૫ ટકા અથવા દ્રાવ્ય ગંધક ૦.૨ ટકા અથવા સેન્દ્રિય ખેતી માટે લીમડાના મીંજનું દ્રાવણ ૫ ટકા મિશ્ર કરી રોગની શરૂઆત થાય કે તુરત પંદર દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.

(સંશોધન વૈજ્ઞાનિક (રોગશાસ્ત્ર), સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., તરઘડીયા)

**૪.૩ અડદ**

**(ક)** ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે, અડદના ભૂકીછારા રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે હેકઝાકોનાઝોલ દવા ૦.૦૦૫ ટકા અથવા કોર્બન્ડાઝીમ ૦.૦૫ ટકાનો પ્રથમ છંટકાવ રોગની શરૂઆત થાય ત્યારે અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવ બાદ ૨૦ દિવસે કરવો.

(સંશોધન વૈજ્ઞાનિક (રોગશાસ્ત્ર), સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., તરઘડીયા)

**(૫) રોકડીયા પાકો**

**૫.૧ કપાસ**

**(ક) કપાસમાં રાસાયણિક ખાતર સાથે જીપ્સમનો ઉપયોગ**

દક્ષિણ સૌરાષ્ટ્ર એગ્રો કલાઈમેટીક ઝોનનાં દરિયા કાંઠાની ભાસ્મીક જમીનની પરિસ્તીમાં ખરીફ ધુમ્મડ કપાસ ઉગાડતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે, પાકમાં ભલામણ કરેલ રાસાયણિક ખાતર (૪૦ કિ.ગ્રા.નાઈટ્રોજન / હે.) ઉપરાંત હેકટરે જીપ્સમ જી.આર.ના ૭૫ ટકા મુજબ આપવાથી વધુ ચોખ્ખુ વળતર મળે છે.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણશાસ્ત્ર અને જમીન વિજ્ઞાન વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

## (૬) બાગાયતી પાકો

### ૬.૧ જામફળી

### (ક) જામફળીમાં રાસાયણિક ખાતર સાથે છાણિયા ખાતરનો ઉપયોગ.

સૌરાષ્ટ્ર વિસ્તારનાં જામફળીની ખેતી કરતા ખેડૂતોને એક હેકટરે વધારામાં વધારે ઉત્પાદન લેવા માટે પુખ્ત વયનાં ઝાડ દીઠ ૫૦ કિ.ગ્રા. છાણિયું ખાતર, ૩૦૦ ગ્રામ નાઈટ્રોજન, ૩૦૦ ગ્રામ ફોસ્ફરસ અને ૩૦૦ ગ્રામ પોટાશ જૂન મહિનામાં આપવો તેમજ બાકીનો અડધો નાઈટ્રોજન (૩૦૦ ગ્રામ) સપ્ટેમ્બર મહિનામાં આપવાની ભલામણ છે. (પ્રાધ્યાપક અને વડા, બાગાયતશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### ૬.૨ ચીકુ

### (ક) ચીકુમાં રાસાયણિક ખાતર સાથે દિવેલીના ખોળનો ઉપયોગ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ચીકુની કાલીપતી જાતની ખેતી કરતા ખેડૂતોએ ગુણવતાસભર અને વધુ ઉત્પાદન મેળવવા માટે ઝાડ દીઠ ૯૦૦ ગ્રામ નાઈટ્રોજન અથવા ૪૫૦ ગ્રામ નાઈટ્રોજનની સાથે ૮.૦૦ કિ.ગ્રા / દિવેલીનો ખોળ બે સરખા હપ્તામાં તે પૈકી એક હપ્તો જૂન મહિનામાં અને બાકીનો અડધો જથ્થો સપ્ટેમ્બર મહિનામાં તેમજ ભલામણ કરેલ ૪૫૦ ગ્રામ ફોસ્ફરસ અને ૪૫૦ ગ્રામ પોટાશ આપવું. (પ્રાધ્યાપક અને વડા, બાગાયતશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### ૬.૩ સીતાફળ

### (ક) સીતાફળમાં રાસાયણિક ખાતર અને છાણિયા ખાતરનો ઉપયોગ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે સીતાફળની સીંધણ જાતના છ વર્ષની ઉંમરના ઝાડને ૨૦૦ ગ્રામ નાઈટ્રોજન + ૧૦૦ ગ્રામ ફોસ્ફરસ + ૫૦ ગ્રામ પોટાશ તેમજ ૩૦ ગ્રામ એઝોટોબેકટર અને ફોસ્ફોબેકટર બાયોફર્ટીલાઈઝરને ૧૫ કિ.ગ્રા. છાણીયા ખાતર સાથે ભેળવી છોડ દીઠ ચોમાસામાં પ્રથમ વરસાદ વખતે આપી દેવાથી સૌથી વધુ ફળ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, બાગાયતશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### (ખ) સીતાફળમાં ચીકટોનું નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં સીતાફળીના પાકમાં આવતી ચીકટો (મીલીબગ) જીવાતના અસરકારક નિયંત્રણ માટે મોડયુલ કે જેમાં પ્રથમ મીથાઈલ પેરાથીઓન ૨ ટકા ભૂકીનો પ્રતિ હેકટરે ૨૫ કિલો પ્રમાણે જમીન પર છંટકાવ કરવો, મીથાઈલ પેરાથીઓન ૫૦ ટકા ઈ.સી. દવા ૦.૫ ટકા (૧૦૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ) નો થડ પર છંટકાવ કરવો તથા ઝાડ પર ડુંખમાં જીવાતનો ઉપદ્રવ જોવા મળે ત્યારે કવીનાલફોસ ૨૫ ટકા ઈ.સી. ૦.૦૫ ટકા (૨૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં) નો છંટકાવ કરવો અને ત્યાર પછી ૧૫ દિવસ બાદ ટ્રાઈઝોફોસ ૪૦ ટકા ઈ.સી.૦.૦૪ ટકા ( ૧૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં) નો છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ કીટકશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

## (૭) ઔષધિય પાકો

### ૭.૧ રૂખડો

### (ક) ફૂલછોડ ઉગાડતા નર્સરીવાળા માટે ભલામણ

નર્સરીવાળાઓને ભલામણ કરવામાં આવે છે કે રૂખડાના બીજને વાવતા પહેલા ૪૦ ટકા સલ્ફ્યુરીક એસિડની માવજત ૪૮ કલાક સુધી આપવી અથવા બીજને વાવતા પહેલા બીજ પર તણીથી ઘસરડા પાડી વાવેતર કરવાથી ઉગાવાના મહતમ ટકા મળે છે.
(પ્રાધ્યાપક અને વડા, કૃષિ વનસ્પતિશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

## (૮) શાકભાજીના પાકો

### ૮.૧ ટમેટી

### (ક) ટામેટામાં સફેદમાખી અને પાનકોરીયા નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં ટામેટાના ઘરૂવાડિયામાં આવતી સફેદમાખી અને પાનકોરીયા જીવાતના અસરકારક નિયંત્રણ સાથે વધુ સંખ્યામાં તંદુરસ્ત રોપા મેળવવા માટે થાયામીથોકઝામ ૭૦ ટકા ડબલ્યુ એસ ૪.૨ ગ્રામ પ્રતિ કિલોબીજ અથવા ઈમીડાકલોપ્રીડ ૭૦ ટકા ડબલ્યુ એસ ૭.૫ ગ્રામ પ્રતિ કિલોબીજ પ્રમાણે દવાની બીજ માવજત આપવાની ભલામણ છે.
(પ્રાધ્યાપક અને વડા, કિટકશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### ૮.૨ ડુંગળી

**આર્થિક રીતે ડુંગળીના વધુ ધરૂ મેળવવા**

દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તારના ચોમાસુ ડુંગળીના ધરૂ ઉગાડતા ખેડૂતોને તંદુરસ્ત, ફેરરોપણી લાયક અને આર્થિક રીતે વધારે ધરૂ મેળવવા માટે નીચે જણાવેલ કોઈ પણ માવજત આપવાની ભલામણ કરવામાં આવે છે.

ડુંગળીના ગાદી કયારાને ઉનાળે પાણી આપી પછી ૨૫ માઈક્રોન (એલ.એલ.ડી.પી.ઈ.) પ્લાસ્ટીકથી ઢાંકવા, ત્યારબાદ ખરીફ ઋતુમાં ડુંગળીના બીજને થાયરમ (૭૫ ટકા એસ.ડી.) ની ૩ ગ્રામ/ કિલો પ્રમાણે બીજ માવજત આપી વાવવા, ત્યારબાદ ૧૦ દિવસ પછી થાયરમ (૭૫ ટકા વે.પા.) ૦.૨ ટકા દ્રાવણથી ૩ લિટર /ચોરસ મીટર પ્રમાણે નિતારવા

**અથવા**

ઉપર મુજબ સૂર્યતાપથી નીર્જીવીકરણ કરીને ડુંગળીના બીજને કાર્બેન્ડાઝીમ ૫૦ ટકા વે.પા.) ૦.૧ ના દ્રાવણની ૩ લિટર/ ચોરસ મીટર પ્રમાણે નિતારવા.

**અથવા**

ઉપર મુજબ સૂર્યતાપથી જીર્નીવીકરણ કરીને ડુંગળીના બીજને ટ્રાઈકોડર્મા હરજીયાનમ બાયો એજન્ટ ની ૫ ગ્રામ/ કિલો પ્રમાણે બીજ માવજત આપી વાવવા, ત્યારબાદ ૧૦ દિવસ પછી ટ્રાઈકોડર્મા હરજીનીયમ ૦.૫ ટકા ના દ્રાવણથી ૩ લિટર /ચોરસ મીટર પ્રમાણે નિતારવા

અથવા

ઉપર મુજબ સૂર્યતાપથી નીર્જીવીકરણ કરીને ડુંગળીના બીજને થાયરમ (૭૫ ટકા એસ.ડી.) ની ૩ ગ્રામ/ કિલો પ્રમાણે બીજ માવજત આપી વાવવા ત્યારબાદ ૧૦ દિવસ પછી કોપર ઓકઝીકલોરાઈડ (૫૦ ટકા વે.પા.) ૦.૨ ટકા ના દ્રાવણથી ૩ લિટર / ચોરસ મીટર પ્રમાણે નિતારવા
( સંશોધન વૈજ્ઞાનિક(લસણ–ડુંગળી), શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

## (૯) મસાલાના પાકો

### ૯.૧ વરિયાળી

### (ક) વરિયાળીમાં પાવડરી મીલ્ડયુનું નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત–હવામાન વિસ્તારમાં ખેડૂતોને વરિયાળીનું વધુ ઉત્પાદન મેળવવા તેમાં આવતાં પાવડરી મિલ્ડયુ રોગ ઓછો આવવાની સંભાવના માટે ઓકટોબર માસના ત્રીજા કે ચોથા અઠવાડિયામાં વરિયાળીનું વાવેતર કરવાની સલાહ આપવામાં આવે છે.
(પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)

### ૯.૨ જીરૂ

### (ક) જીરૂમાં થ્રીપ્સનનું નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં જીરૂના પાકમાં આવતી થ્રીપ્સ જીવાતના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે થાયોમીથોકઝામ ૭૦ ટકા ડબલ્યુ એસ ૪.૨ ગ્રામ પ્રતિ કિલો બીજ અથવા ઈમીડાકલોપ્રીડ ૭૦ ટકા ડબલ્યુ એસ ૧૦ ગ્રામ પ્રતિ કિલો બીજ પ્રમાણે દવાની બીજ માવજત આપવાની ભલામણ છે.

### ૯.૩ સુવાદાણા

### (ક) સુવાદાણાનું મોલોમશીનું નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તારમાં સુવાદાણાના પાકમાં આવતી મોલોમશી જીવાતના નિયંત્રણ માટે થાયોમીથોકઝામ ૭૦ ટકા ડબલ્યુ એસ ૪.૨ ગ્રામ પ્રતિ કિલોબીજ અથવા ઈમીડાકલોપ્રીડ ૭૦ ટકા ડબલ્યુ એસ ૧૦ ગ્રામ પ્રતિ કિલો બીજ પ્રમાણે બીજ માવજત આપવાની ભલામણ છે.

## (૧૦) કૃષિ ઈજનેરી

### (ક) બાગાયતી પાકોમાં ડ્રીપ ઈરીગેશન

ખેડૂતો ડ્રીપ ઈરીગેશન સીસ્ટમના વેંચાણમાં સંકળાયેલ વ્યકિત તથા ડીઝાઈન એન્જીનીયરને ભલામણ કરવામાં આવે છે કે, જુદા જુદા પાકોમાં નીચે જણાવેલ લે–આઉટ મુજબ ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ ડીઝાઈન અને ઈન્સ્ટોલેશન કરવામાં આવતા ઓછા ખર્ચે ડ્રીપ સીસ્ટમ ફીટ કરી શકાય છે.
બાગાયતી પાકોમાં ડ્રીપ ઈરીગેશનનો ખર્ચ

| અનુ.નં. | પાકનું નામ | અંતર (મી.×મી.) | ખર્ચ (રૂા./હેકટરે) | ડીઝાઈન લે–આઉટ |
|---|---|---|---|---|
| ૧ | આંબો | ૧૦ × ૧૦ | ૨૫,૩૭૬/– | ૫ |
| ૨ | ચીકુ | ૧૦ × ૧૦ | ૨૫,૪૯૩/– | ૫ |
| ૩ | નાળીયેરી | ૬ × ૬ | ૩૩,૮૫૫/– | ૫ |
| ૪ | સીતાફળ | ૬ × ૬ | ૩૪,૧૨૩/– | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | જામફળ | ૬ × ૬ | ૩૩,૩૭૨/– | ૫ |
| ૬ | લીંબુ | ૬ × ૬ | ૩૩,૮૫૫/– | ૫ |
| ૭ | દાડમ | ૬ × ૬ | ૩૫,૧૩૧/– | ૫ |
| ૮ | ખારેક | ૮ × ૮ | ૩૦,૨૫૫/– | ૫ |
| ૯ | બોર | ૬ × ૬ | ૩૨,૨૦૯/– | ૩ |
| ૧૦ | આંમળા | ૮ × ૮ | ૨૯,૪૭૬/– | ૪ |
| ૧૧ | પપૈયા | ૨ × ૨ | ૫૮,૭૮૫/– | ૫ |
| ૧૨ | કાજુ | ૫ .૪ × ૫ .૪ | ૩૬,૧૨૪/– | ૫ |
| ૧૩ | કેળા | ૧.૫ × ૧.૫ | ૬૨,૨૯૦/– | ૩ |
| ૧૪ | કેળા | ૩.૨ × ૧.૨ | ૪૫,૧૦૧/– | ૫ |

ક્ષૈત્રીય પાકોમાં ડ્રીપ ઈરીગેશનનો ખર્ચ

| અનુ.નં. | પાકનું નામ | પાકનું અંતર (મી.× મી.) | લેટરલ × ડ્રીપર અંતર (મી.× મી.) | ખર્ચ (રૂા./ હેકટર) | ડીઝાઈન લે–આઉટ |
|---|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૦.૪૫ × ૦.૧ | ૦.૯ × ૦.૬ | ૧,૨૩,૯૮૬/– | ૩ |
| ૨ | મગફળી | ૦.૯ × ૦.૧ | ૦.૯ × ૦.૬ | ૧,૧૯,૮૭૧/– | ૩ |
| ૩ | મગફળી | ૦.૬ × ૦.૧ | ૧.૨ × ૦.૬ | ૯૪,૫૮૬/– | ૩ |
| ૪ | મગફળી | ૦.૭૫ × ૦.૧ | ૦.૭૫ × ૦.૬ | ૧,૪૨,૧૭૪/– | ૩ |
| ૫ | કપાસ | ૧.૫ × ૦.૬ | ૧.૫ × ૧.૨ | ૮૬,૭૨૩/– | ૩ |
| ૬ | કપાસ | ૧.૨ × ૦.૬ | ૧.૨ × ૧.૨ | ૭૮,૬૧૨/– | ૩ |
| ૭ | કપાસ | ૦.૯ × ૦.૬ | ૦.૯ × ૧.૨ | ૯૮,૬૭૩/– | ૩ |
| ૮ | એરંડા | ૦.૬×૦.૬×૧.૨ | ૧.૮ ×૦.૬ ×૧.૨ | ૬૮,૬૧૯/– | ૩ |
| ૯ | એરંડા | ૦.૯ × ૦.૬ | ૦.૯ × ૧.૨ | ૯૮,૬૭૩/– | ૩ |
| ૧૦ | એરંડા | ૦.૯ × ૦.૬ | ૦.૯ × ૦.૬ | ૧,૪૮,૭૧૧/– | ૪ |
| ૧૧ | ટમેટા / રીંગણા | ૦.૬×૦.૬×૦.૯ | ૧.૫ ×૧.૨ ×૦.૯ | ૬૮,૩૦૧/– | ૩ |
| ૧૨ | ટમેટા / રીંગણા | ૦.૭૫ × ૦.૬ | ૦.૭૫ × ૧.૨ | ૧,૧૬,૬૧૮/– | ૩ |
| ૧૩ | મરચા | ૦.૬ × ૦.૬ | ૧.૨ × ૧.૨ | ૭૮,૬૧૨/– | ૩ |
| ૧૪ | ભીંડા | ૦.૬ × ૦.૩ | ૧.૨ × ૦.૬ | ૯૪,૫૮૬/– | ૩ |
| ૧૫ | ભીંડા | ૦.૩ ×૦.૩×૦.૯ | ૧.૨ ×૦.૬ ×૦.૯ | ૯૪,૫૮૬/– | ૩ |
| ૧૬ | કોબી / ફલાવર | ૦.૪૫ ×૦.૪૫ | ૦.૯ × ૦.૯ | ૧,૦૨,૯૦૨/– | ૩ |
| ૧૭ | કોબી / ફલાવર | ૦.૩×૦.૩×૦.૯ | ૧.૨ ×૦.૬ ×૦.૯ | ૯૪,૫૮૬/– | ૩ |
| ૧૮ | કારેલા | ૧ × ૧ | ૧ × ૧ | ૯૯,૬૪૭/– | ૩ |
| ૧૯ | શેરડી | ૦.૧ ×૦.૬× ૧.૨ | ૧.૮×૦.૬×૧.૨ | ૬૮,૬૧૯/– | ૩ |

**(ખ) ગ્રીન હાઉસમાં ગુલાબ અને જરબેરાનો ઉછેર**

સૌરાષ્ટ્ર વિસ્તારના મધ્યમ કિંમતના માનવ સંચાલિત ગ્રીનહાઉસમાં ગુલાબ અને જરબેરા ફૂલ પાકો ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ગ્રીન હાઉસમાં ઉનાળા ( માર્ચ–જૂન માસ ) દરમ્યાન તાપમાન (૩૦ ૦ સે.) જાળવવા કુદરતી સંવાતન (ભોય તળીયાના ૨૦–૩૦ ટકા સાઈઝના) સાથે ૫૦ ટકા

શેડ નેટનો ઉપયોગ કરી નીચે મુજબની સમય સારણી અનુસાર ઠંડક– પ્રણાલી ચલાવવાથી ઉર્જાના વપરાશમાં ૪૫ ટકા જેટલી બચત કરી શકાય છે.

| માસ | પધ્ધતિ | ચલાવવાનો સમય |
|---|---|---|
| માર્ચ | કુદરતી સવાતંન<br>ફોગીંગ–કુદરતી સવાંતન<br>ફોગીંગ–પંખા સવાંતન/પંખા પેડ સવાંતન<br>સવાંતન વિના<br>શેડીંગ | ૮.૦૦–૧૦.૦૦/૧૯.૦૦–૨૧૦૦<br>૧૦.૦૦–૧૧.૦૦/૧૭.૦૦–૧૯.૦૦<br>૧૧.૦૦–૧૭.૦૦<br>૨૧.૦૦–૦૮.૦૦<br>જરૂરી છે |
| એપ્રિલ | કુદરતી સવાંતન<br>ફોગીંગ–પંખા સવાતંન<br>પંખા પેડ સવાતંન<br>સવાતંન વિના<br>શેડીંગ | ૭.૦૦–૮.૦૦ /૨૨.૦–૨૩.૦૦<br>૮.૦૦–૧૦.૦૦/૧૯.૦૦–૨૨.૦૦<br>૧૦.૦૦–૧૯.૦૦<br>૨૩.૦૦– ૭.૦૦<br>જરૂરી છે. |
| મે | કુદરતી સવાંતન<br>ફોગીંગ–પંખા સવાતંન<br>પંખા પેડ સવાતંન<br>સવાતંન વિના<br>શેડીંગ | ૨૨.૦૦–૨૪.૦૦<br>૮.૦૦–૧૧.૦૦/ ૧૯.૦૦–૨૨.૦૦<br>૧૧.૦૦–૧૯.૦૦<br>૦૦.૦૦–૮.૦૦<br>જરૂરી છે |
| જૂન | કુદરતી સવાંતન<br>ફોગીંગ–કુદરતી સવાતંનપંખા પેડ<br>સવાતંન<br>સવાતંન વિના<br>શેડીંગ | ૨૨.૦૦– ૨૪.૦૦<br>૮.૦૦–૨૨.૦૦<br>૦.૦૦–૮.૦૦<br>જરૂરી છે |

(પ્રાધ્યાપકશ્રી, અને વડા, આરઈઆરઈ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ,જૂ.કૃ.યુ. જૂનાગઢ)

**(ગ) ઘાસચારા પાકોને કાપણી પછી એકઠા કરવા હે રેક કમ લોડરનો ઉપયોગ**

ટ્રેકટર સંચાલિત હે રેક કમ લોડર થી કૃષિ તથા ઘાસચારાના પાકોને કાપણી પછી એકઠા કરી થ્રેસીંગ યાર્ડ અથવા અન્ય સ્થળ સુધી સ્થરાંતર કરી શકાય છે. આ સાધનન વપરાશથી મજુરી ખર્ચનો ૪૦ થી ૫૦ ટકા બચત થાય છે. ખેડૂત મિત્રો તથા કારીગરોમાં વપરાશ માટે આ સાધન રીલીઝ કરવા ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપકશ્રી, અને વડા,ફાર્મ મશીનરી અને પાવર વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ,જૂ.કૃ.યુ. જૂનાગઢ)

**(ઘ) ચીકુનુ ગ્રેડીંગ કરવા હાથથી ચાલતા ગ્રેડરનો ઉપયોગ**

આથી, ખેડૂતો, પ્રોસેસીંગ મશીનરીના ઉત્પાદકો અને પ્રોસેસીંગ કાર્ય સાથે સંકળાયેલા ઉદ્યોથ સાહસિકોને ગ્રેડીંગ કરવા માટે જૂ.કૃ.યુ. દ્વારા વિકસાવેલ હાથથી ચાલતાં ગ્રેઢરનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપકશ્રી, અને વડા,એગ્રી.પ્રોસેસીંગ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ,જૂ.કૃ.યુ. જૂનાગઢ)

## (૧૧) મત્સ્યપાલન

**(ક) પકડાયેલ માછલીના જથ્થાને ધોવા દરિયાઈ પાણીનો ઉપયોગ**

વેરાવળ દરિયા કાઠા ઉપર માછીમારી કરતા માછીમાર સમૂદાયોને ભલામણ કરવામાં આવે છે કે, વેરાવળ ખાતેના માર્કેટ હોલ, જેટી તથા દીવાદાંડી વિસ્તારના દરિયાઈ પાણીમાં રોગ–જન્ય સૂક્ષ્મ

જીવાણુઓનો જથ્થો માન્ય માત્રા (૨૦ ઈ.કોલાઈ/ મિ.લિ.) કરતા વધુ હોઈ, તે પાણીનો ઉપયોગ પકડાયેલ માછલીના જથ્થાને ધોવા માટે કરવો હિતાવહ નથી.

(આચાર્યશ્રી, ફિશરીઝ કોલેજ, જૂ.કૃ.યુ., જૂનાગઢ)